# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૨૫-૦૪-૨૦૧૨**

નર્મદા જીલ્લાના માલસામોટ ખાતે કેન્દ્રીય મંત્રી શ્રી સુબોધકાંત સહાયજીએ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં પ્રવાસનના વિકાસ માટે દસ કરોડ રૂપિયાની આજે જાહેરાત કરી.

નર્મદા જીલ્લાના માલસામોટ, નીનાય વોટર ફોલ, દેવ મોગરા માતાનું મંદિર આ ત્રણેય સેન્ટરો પ્રવાસનની દ્રષ્ટિએ અત્યંત મહત્વના છે. આ ત્રણેય સેન્ટરોના વિકાસ માટે ગુજરાત સરકારે અત્યાર સુધી કોઈ જ ચિંતા કરી ન હતી. સ્થાનિક આદિવાસી ભાઈઓના વિકાસ માટે અને પ્રવાસનના વિકાસ માટે યોગ્ય પ્રોજેકટ અત્યંત મહત્વનો બને તે જરૂરી હોવાથી સ્થાનિક વિસ્તારના માન. ધારાસભ્ય શ્રી અમરસિંહભાઈ વસાવાએ માન. શ્રી અહમદભાઈ પાસે રજૂઆત કરતાં ખાસ કિસ્સા તરીકે માન. શ્રી અહમદભાઈ પટેલના પ્રયાસોના કારણે રૂપિયા ૧૦ કરોડની રકમ ફાળવવામાં આવી છે. જે માલસામોટ ખાતે કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરાયેલાં ૧૦૦ ટકાના આ પ્રોજેક્ટનું ખાતમુર્હુત આજરોજ માલસામોટ ખાતે કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી સુબોધકાંત સહાયજીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે માન. ધારાસભ્યશ્રી અમરસિંહભાઈ વસાવા, શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી આનંદકુમાર, શ્રી વિપુલ મિત્રા, સંદીપજી વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

શિલાન્યાસ પ્રસંગે સ્થાનિક લોકોને સંબોધન કરતાં શ્રી સુબોધકાંત સહાયજીએ જણાવ્યું હતું કે, માન. શ્રી અહમદભાઈ પટેલ સાહેબના અતિ આગ્રહના કારણે નર્મદા જિલ્લાના આદિવાસી વિસ્તાર માટે આ પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યો છે અને જરૂરિયાત મુજબ હજી જે કાંઈ કરવાનું હશે તે કેન્દ્ર સરકાર કરશે. શ્રી સુબોધકાંત સહાયજીએ ભારત સરકાર દ્વારા છેલ્લાં ત્રણ વર્ષમાં પર્યાવરણ ક્ષેત્રે ગુજરાતને અપાયેલ સહાયની વિગતો આપી હતી.

આ પ્રસંગે બોલતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર આવ્યા બાદ પ્રવાસન ક્ષેત્રે ગુજરાતને ભૂતકાળમાં ક્યારેય ન મળ્યા હોય તેટલાં નાણાં ફાળવવામાં આવ્યા છે. વિગતો આપતાં શ્રી ગોહિલે જણાવ્યું હતું કે, આંબરડી વાઈલ્ડ લાઈફ ઈન્ટરનેશનલ પાર્ક માટે ૪.૭૫ કરોડ રૂપિયા, ઈન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ દ્વારકા નાગેશ્વર બેટ માટે ૭.૯૮ કરોડ, તરણેતર જિ. સુરેન્દ્રનગરના વિકાસ માટે ૩.૧૦ કરોડ, ચાંપાનેર પાવાગઢના વિકાસ માટે ૩.૬૦ કરોડ, દાંડી પ્રવાસ સર્કીટ માટે ૭.૩૩ કરોડ, શુકલતીર્થ કબીરવડ અને અંગારેશ્વરના સર્કીટ પ્રોજેકટ માટે ૪૬.૫૦ કરોડ મળીને માત્ર છેલ્લાં થોડા સમયમાં ભારત સરકાર તરફથી ૮૬.૧૪ કરોડ રૂપિયા ગુજરાતને ફાળવવામાં આવ્યા છે. ભૂતકાળમાં એન.ડી.એ.ના શાસનમાં ૮ વર્ષમાં પણ ગુજરાતને આટલાં રૂપિયા ફળવાયાં ન હતાં.

ગુજરાતની સરકાર માનીતાઓના વિકાસ માટે અઢળક ખર્ચો કરે છે, પરંતુ જરૂરિયાતમંદ ગુજરાતીઓ માટે કે આદિવાસી વિસ્તારો માટે કશું જ કરતી નથી. ભારત સરકારના ગુજરાત માટેના આ પ્રોજેકટથી નર્મદા જિલ્લાના દુર્ગમ આદિવાસી વિસ્તારનો વિકાસ થશે. આ પ્રોજેકટ મંજૂર કરાવવા માટે વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે ગુજરાતના પનોતાપુત્ર માન. શ્રી અહમદભાઈ પટેલનો ખાસ આભાર માન્યો હતો.

---

પ્રતિ, તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(અશ્વિન સિકલીગર)**

અંગત સચિવ